રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

:::::::::::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૬-૧૨-૯૯ ના પત્ર નં.સી.મી.સ./૮/૩૯ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યાબાદ, સુરત મહાનગરપાલિકાની ૯૮માં સુચિત મુસદારુપ નગર રચના યોજના સુરત નં.૪૪ (જહાંગીરાબાદ) ને તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં (પાના નં.૧૯) ગુલાબી ઘેરા રંગથી સંળંગ રેખામાં બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૪૪ (જહાંગીરાબાદ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તેમજ સદર અધિસુચનને બે સ્થાનિક દૈનિકપત્રોમાં બહોળો ફેલાવો કરવા એક એક વખત પ્રસિદ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવાની તેમજ મુસદો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૭/૨૦૦૦ સર્વાનુમતે મંજુર.**

જાવક/ત.ક/૪૨
૨૯/૦૧/૨૦૦૦

સ. ૨. મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૨૮-૦૧-૨૦૦૦

આ.નં. ૩૫૫
તા. ૩૧/૧/૨૦૦૦.